# પાક સરહદે વિસ્ફોટક સ્થિતિ

શ્રીનગર,તા. ૫

પાકિસ્તાની સૈનિકો દ્વારા યુદ્ધવિરામનો ભંગ કરીને આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશરેખા પર ભીષણ ગોળીબાર જારી રાખવામાં આવ્યો છે. આમા બીએસએફના એક જવાનનું આજે મોત થયું હતું. હજારો લોકોને સાંબા અને કથુઆ જિલ્લામાં સરહદી ગામોમાંથી ખસેડવામાં આવ્યા છે. કથુઆમાં ૧૧ ગામોમાંથી લોકોને ખસેડવામાં આવ્યા છે. રાહત કેમ્પમાં હજારો લોકોને રાખવામાં આવ્યા છે. સાંબા સેકટરમાં હિરાનગરમાં પાકિસ્તાની સૈનિકોએ કલાકો સુધી ગોળીબાર કર્યો હતો. ગોળીબારના કારણે સ્થાનિક લોકોમાં ભારે દહેશત ફેલાઈ ગઈ છે. બીએસએફના જવાનોએ પણ જવાબી કાર્યવાહી કરી હતી. કથુઆમાં ૧૧ ગામમાંથી ખસેડવામાં આવેલા લોકોને રાહત કેમ્પમાં મુકવામાં આવ્યા બાદ તમામ સુવિધા આપવામાં આવી છે જેમાં બ્લેનકેટ, રેશનિંગની સામગ્રી, આગ માટે લાકડા, પીવાના પાણી જેવી બાબતોનો સમાવેશ થાય છે. સાંબા જિલ્લામાં ૧૦૦૦થી વધુ લોકોને રાહત કેમ્પમાં ખસેડવામાં આવ્યા છે. ત્રીજી જાન્યુારીના દિવસે બે જવાન અને એક મહિલાનું મોત થયું હતું અને ૧૧ લોકો ઘાયલ થયા હતા. પાકિસ્તાનના ગોળીબારના કારણે મોટી સંખ્યામાં લોકોની હિઝરત જારી રહી છે. જમ્મુ કાશ્મીરમાં અંકુશ રેખા પર હિરાનગર સેકટરમાં પાકિસ્તાની સૈનિકો દ્વારા ફરી જોરદાર ગોળીબાર કરવામાં આવ્યો છે. યુદ્ધવિરામના ભંગના અન્ય એક બનાવરૂપે આ ગોળીબાર કરવામાં આવ્યો હતો. ગોળીબાર ચાર કલાક સુધી કરવામાં આવ્યો હતો. રવિવારે મોડી રાત્રે ૧૧ વાગ્યા પાકિસ્તાની સૈનિકો દ્વારા



ગોળીબાર શરૂ કરવામાં આવ્યો હતો જે સવારમાં ત્રણ વાગ્યા સુધી ચાલ્યો હોવાના અહેવાલ મળ્યા છે.ભારતીય જવાનોએ જોરદાર જવાબી કાર્યવાહી કરી હતી. જેથી ફરી તંગદીલી ફેલાઇ ગઇ હતી. હાલમાં જ પાકિસ્તાની સનિકો દ્વારા કરવામાં આવેલા યુદ્ધવિરામના ભંગમાં બે ભારતીય જવાન શહીદ થયા હતા અને ૧૦ લોકો ઘાયલ થયા હતા. પાકિસ્તાન દ્વારા નિયમિત રીતે કરવામાં આવી રહેલા ગોળીબારના કારણે સાંબા અને કથુઆ જિલ્લામાં સેંકડો લોકોને રાહત કેમ્પમાં રહેવાની ફરજ પડી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૪માં પાકિસ્તાન દ્વારા ૫૫૦ વખત યુદ્ધ વિરામનો ભંગ કરવામાં આવ્યો હતો. આનો મુખ્ય હેતુ ત્રાસવાદીઓને ઘુસાડી દેવાનો હતો. આની સાથે જ છેલ્લા ૧૧ વર્ષમાં સૌથી વધુ વખત યુદ્ધવિરામનો ભંગ કરાયો હતો. સેના દ્વારા આપવામાં આવેલા આંકડામાં જણાવાયું હતું કે વર્ષ ૨૦૧૪માં પાકિસ્તાન દ્વારા કરવામાં આવતા યુદ્ધવિરામના ભંગમાં ૧૫૮ ટકા સુધીનો વધારો થયો હતો. અંકુશ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ પર નાગરિક વિસ્તારો અને અગ્રીમ ચોકીઓને ટાર્ગેટ બનાવી પાકિસ્તાની સૈનિકો દ્વારા સતત ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. વર્ષ ૨૦૧૪માં કુલ ૫૫૦ વખત યુદ્ધવિરામના ભંગ બાદ નવા વર્ષમાં પણ છેલ્લા ત્રણ જ દિવસમાં ચાર વખત યુદ્ધ વિરામનો ભંગ કરવામાં આવ્યો હતો. સંરક્ષણ પ્રવક્તા કર્નલ એસડી ગોસ્વામીએ કહ્યું છે કે, ભારત અને પાકિસ્તાનના સૈનિકો વચ્ચે અંકુશ રેખા અને આંતરાષ્ટ્રીય સરહદ ઉપર સતત સામસામે ગોળીબાર થઈ રહ્યો છે. ગોળીબારના કારણે ૩૨ હજાર લોકોને તેમના ઘર છોડી દેવાની ફરજ પડી છે.

## બિહારના મુખ્યપ્રધાન માંઝી પર ચંપલ ફેકાઈ

પટણા, તા. ૫

બિહારના મુખ્યમંત્રી જીતનરામ માંઝી ફરી એકવાર ચર્ચામાં છે. આજે પટણામાં જનતા દરબાર દરમિયાન મુખ્યમંત્રી માંઝી ઉપર ચંપલનો મારો



ચલાવવામાં આવ્યો હતો. ચંપલ ફેંકવામાં આવ્યા બાદ તંગદિલી ફેલાઈ ગઈ હતી. પટણામાં જનતા દરબારના કાર્યક્રમ દરમિયાન આ બનાવ બન્યા બાદ સુરક્ષા સંસ્થાઓની પણ ટિકા થઈ રહી છે. જો કે, મુખ્યમંત્રીને કોઈ ઈજા થઈ ન હતી. કારણ કે આ ચંપલ મંચથી થોડાક અંતરે પડી હતી. મુખ્યમંત્રી જ્યાં બેઠા હતા ત્યાં સુધી ચંપલ પહોંચી ન હતી. બનાવ બાદ પોલીસે તરત જ આ યુવાનને પકડી પાડ્યો હતો. આ યુવાને પોતાની પ્રતિક્રિયામાં કહ્યું હતું કે, તે જીવિત રહેવા ઈચ્છુક નથી. રાજ્યના છપરા જિલ્લામાંથી અમરીતોસ તરીકે ઓળખાયેલો આ યુવાન કહે છે કે, સરકાર તરફ તે પોતાની દુર્દશાનું ધ્યાન દોરવા માંગતો હતો. અમરીતોસે કહ્યું હતું કે, તે છેલ્લા બે વર્ષથી જનતા દરબારમાં આવી રહ્યો હતો પરંતુ તેની ક્યારે પણ વાત સાંભળવામાં આવી ન હતી. તેની ફરિયાદ શું હતી તે સંદર્ભમાં માહિતી મળી શકી નથી. તેનું કહેવું છે કે, જનતા દરબાર બિલકુલ અયોગ્ય છે. આનો કોઈ મતલબ નથી.

## રેલવે બજેટમાં યાત્રી ભાડામાં વધારો કરાય તેવા સ્પષ્ટ સંકેત

નવીદિલ્હી,તા. ૫

રેલવે બજેટ ૨૦૧૫ આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે રેલવે પ્રધાન સુરેશ પ્રભુ બજેટની તૈયારીમાં લાગી ગયા છે. રેલવેને વધુ શક્તિશાળી અને અસરકારક બનાવવા હિલચાલ ચાલી રહી છે. સુરેશ પ્રભુ રેલવે બજેટમાં લોકપ્રિય માર્ગ છોડીને કેટલાક કઠોર પગલા લે તેવી શક્યતા દેખાઈ રહી છે. નૂરના દર અને યાત્રી ભાડામાં પણ ફેરફાર કરવામાં આવી શકે છે. જાણકાર લોકો માની રહ્યા છે કે, યાત્રી ભાડામાં વધારો કરવામાં આવી શકે છે જેથી રેલયાત્રા મોંઘી બની શકે છે. એનડીએ સરકાર બીજી વખત બજેટ રજૂ કરવા જઈ રહ્યું છે જેમાં લોકપ્રિય જાહેરાતો કરવામાં આવશે નહીં. રેલવેની સુરક્ષા અને યાત્રીઓને વધુ સુવિધા આપવા ઉપર આમા મુખ્ય ધ્યાન આપવામાં આવશે. સુરેશ પ્રભુ બિઝનેસ લક્ષી બજેટને લઈને આશાવાદી બનેલા છે. રેલવે ભવનમાં હવાલો સંભાળી લીધાના બે મહિનાની અંદર જ તેઓએ રેલવેની નાણાંકીય સ્થિતિને સુધારવા સાત કમિટિઓની રચના કરી ચુક્યા છે જેમાં પારદર્શકતા લાવવા, મહેસુલી આવક ઉભી કરવા અને ભારતીય રેલવેના માળખાને વધુ વ્યવસ્થિત કરવાની બાબતનો સમાવેશ થાય છે. મોટા રેલવે પ્રોજેક્ટની જાહેરાત પહેલાથી જ કરવામાં આવી ચુકી છે. આ પ્રોજેક્ટોમાં નાણા કોઈ અડચણરુપ બનશે નહીં તેવી જાહેરાત પણ થઈ ચુકી છે. સરકાર પ્રવર્તમાન પ્રોજેક્ટોને પૂર્ણ કરવામાં વ્યસ્ત છે. ફંડની અછત કોઈ તકલીફરુપ નથી. રેલવે મંત્રાલય દ્વારા ઈન્ડસ્ટ્રી ચેમ્બર ફિક્કી, એસોચેમ, સીઆઈએલ અને અન્ય સંસ્થાઓ તરફથી અભિપ્રાય મેળવી લેવામાં આવ્યા છે. હાલમાં જ સુરેશ પ્રભુએ ઝોનલ રેલવેને વધુ સત્તાઓ આપી હતી. અભિગમમાં ઘણા બધા ફેરફાર થયા છે. પ્રોજેક્ટોના અમલીકરણની પ્રક્રિયાને વધુ ઝડપી કરવામાં આવનાર છે. ફેબ્રુઆરી મહિનામાં સુરેશ પ્રભુ રેલવે બજેટ રજૂ કરનાર છે જેમાં લોકપ્રિય પગલા ઓછા લેવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. પ્રવર્તમાન પ્રોજેક્ટોને વધુ ઝડપથી પૂર્ણ કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરાશે. યાત્રી ભાડા અને નૂરના દર વધશે તેવી બાબત સ્પષ્ટપણે દેખાઈ રહી છે.




૧૦માંશીખ ધર્મ ગુરૂ ગોવિંદસિંહની જન્મ જયંતિ પ્રસંગે યોજાયેલ ધાર્મિક કાર્યક્રમમાં શ્રધ્ધાળુઓએ દિલ ધડક કરતબો દેખાડયા હતાં.

## વર્લ્ડકપ માટે આજે ટીમની પસંદગી : યુવીને તક મળશે

મુંબઈ,તા. ૫

જેની ઉત્સુકતાપૂર્વક ક્રિકેટ ચાહકો રાહ જોઈ રહ્યા છે તે ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા સામેની ત્રિકોણીય વનડે શ્રેણી તેમજ આગામી મહિને યોજાનાર વર્લ્ડકપ માટે આવતીકાલે ટીમની પસંદગી કરવામાં આવનાર છે. વર્લ્ડકપ માટેની ટીમમાં સ્ટાર ખેલાડી યુવરાજસિંહનો સમાવેશ કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. ગઈ ચોથી ડિસેમ્બરના દિવસે ૩૦ સંભવિત ખેલાડીઓની યાદીમાં યુવરાજસિંહની પસંદગી કરવામાં આવી ન હતી પરંતુ રણજી ટ્રોફીમાં હરિયાણા, મહારાષ્ટ્ર અને સૌરાષ્ટ્ર સામે તેની ઉપરાઉપર ત્રણ સદીના કારણે પસંદગીકારોનું ધ્યાન ખેંચાયું છે. વર્ષ ૨૦૧૧ના



વર્લ્ડકપમાં ભારતનો જીત અપાવવામાં યુવરાજે ચાવીરુપ ભૂમિકા ભજવી હતી. યુવરાજે ૨૯૩ વનડે મેચોમાં ૮૦૦૦થી વધુ રન કર્યા છે. આ ઉપરાંત વર્લ્ડકપમાં તેની બેટિંગની સાથે સાથે બોલિંગમાં પણ મહત્વની ભૂમિકા હતી. ૩૩ વર્ષીય યુવરાજ ૨૦૧૪માં કોઈપણ ભારતીય ટીમમાં રમ્યો ન હતો. ક્રિકેટ બોર્ડ માને છે કે, યુવરાજને શાનદાર ફોર્મના કારણે તક આપી શકાય છે. ૧૪મી ફેબ્રુઆરીથી ૨૯મી માર્ચ દરમિયાને વર્લ્ડકપનું આયોજન કરવામાં આવ્યું છે. ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ વચ્ચે સંયુક્તરીતે વર્લ્ડકપનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં તમામ ટીમો હવે અંતિમ ૧૫ ખેલાડીઓની પસંદગી કરવા જઈ રહી છે. આ ટીમ અંતિમ રહેશે. ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડને આવરી લેતી ત્રિકોણીય વનડે શ્રેણી આ મહિનામાં જ રમાનાર છે.

**મિટિંગમાં આઈબી, રોના અધિકારીઓ હાજર**

## દેશની આંતરિક સુરક્ષા પ્રશ્ને દિલ્હીમાં ઉચ્ચ સ્તરીય બેઠક

નવીદિલ્હી,તા. ૪


કેન્દ્રીય ગૃહપ્રધાન રાજનાથસિંહે આજે દેશની આંતરિક સુરક્ષા અંગે ચર્ચા કરવા વરિષ્ઠ અધિકારીઓ સાથે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. ઉચ્ચ સ્તરીય ઇન્ટેલીજન્સ બેઠકમાં વિવિધ મુદ્દે ચર્ચા કરાઈ હતી. ટેરર બોટના બનાવ અને પાકિસ્તાન દ્વારા યુદ્ધવિરામના કરવામાં આવી રહેલા સતત ભંગના મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અને ઇન્ટેલીજન્સ બ્યુરો, રોના વડા સહિતના ગૃહ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંરક્ષણ મંત્રી મનોહર પારીકરે એવા સૂચનોને ફગાવી દીધા હતા કે, આ બેઠક ટુંકી યોજાઈ હતી. પાકિસ્તાની બોટને લઇને સસ્પેન્સની સ્થિતિ રહેલી છે ત્યારે આ વાતચીત યોજાઈ હતી. કોસ્ટ ગાર્ડના અધિકારીઓ, અન્ય અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં પરિસ્થિતિની સમીક્ષા કરાઈ હતી. જમ્મુ કાશ્મીરમાં અંકુશરેખા પર હિરાનગર ખાતે પાકિસ્તાનના ગોળીબારનો મુદ્દો છવાયો હતો.

## ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે આજથી અંતિમ ટેસ્ટ શરૂ

સિડની,તા.૫

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે આવતીકાલથી સિડનીના ઐતિહાસિક મેદાન ખાતે બોર્ડર-ગાવસ્કર ટેસ્ટ શ્રેણીની ચોથી અને અંતિમ ટેસ્ટ મેચ શરૂ થઈ રહી છે. ચાર ટેસ્ટ મેચોની શ્રેણી ઓસ્ટ્રેલિયા પહેલાથી જ ૨-૦થી જીતી ચુક્યું છે પરંતુ ભારતીય ટીમને જીત મેળવી નૈતિક જુસ્સો વધારી લેવાની તક રહેલી છે.શરૂઆતની બન્ને ટેસ્ટ મેચમાં જીત મેળવીને ઓસ્ટ્રેલિયાએ ભારત પર ૨-૦ની લીડ મેળવી લીધી છે. ઓસ્ટ્રેલિયાએ એડિલેડ ખાતે ભારત પર ૪૮ રને રોમાંચક જીત મેળવી લીધી હતી.જ્યારે બ્રિસ્બેનમાં રમાયેલી બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની બીજી ટેસ્ટ મેચમાં ઓસ્ટ્રેલિયાએ ભારત પર ચાર વિકેટે જીત મેળવીને શ્રેણીમાં ૨-૦ની મહત્વપૂર્ણ લીડ મેળવી લીધી હતી.જીતવા માટેના માત્ર ૧૨૮ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ઓસ્ટ્રેલિયાએ છ વિકેટ ગુમાવીને આ રન બનાવી લીધધા હતા. ત્રીજી ટેસ્ટ મેચે મેલબોર્નમાં રમાઈ હતી જે ટેસ્ટ મેચ છેલ્લી ઘડીએ ભારત ડ્રો કરવામાં સફળ રહ્યું હતુ. પરંતુ આ ટેસ્ટ મેચમાં પણ તેની હારની સ્થિતી સર્જાઇ ગઇ હતી. મેચને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. બે ટેસ્ટમાં હાર ખાધા બાદ ભારતીય ટીમ પર જીત મેળવવા માટે હવે ખુબ દબાણ છે. જેથી મેચ રોચક બની શકે છે. ઓસ્ટ્રેલિયાની ટીમમાં કેટલાક ફેરફાર કરવામાં આવ્યા છે. ઓસ્ટ્રેલિયન છાવણીમાં કેટલાક ખેલાડીઓની ઈજાને લઈને ચિંતા છે. મીશેલ જોન્સન અનફિટ છે જેથી તે રમશે નહી.

મેલબોર્ન ટેસ્ટ ટીમમાં બર્ન્સનો સમાવેશ કરવામાં આવ્યો હતો પરંતુ તે બન્ને ઈનિંગ્સમાં ફલોપ રહેતા તેને પડતો મુકવામાં આવશે કે કેમ તે અંગે હજુ કોઈ માહિતી મળી નથી. પ્રથમ ટેસ્ટમાં કુલ છ સદી લાગી હતી. જેમાં ડેવિડ વોર્નર અને વિરાટ કોહલીએ બન્ને ઈનિંગ્સમાં સદી કરી હતી. જ્યારે માઈકલ ક્લાર્કે પણ સદી કરી હતી. ઉપરાંત સ્મીથે પણ સદી કરી હતી. બીજી ટેસ્ટમાં પણ સ્મીથે સદી કરી હતી. મેચને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. ઓસ્ટ્રેલિયા તરફથી ડેવિડ વોર્નર અને કેપ્ટન સ્મીથ શાનદાર ફોર્મમાં છે. જ્યારે ભારત તરફથી વિરાટ કોહલી શાનદાર ફોર્મમાં છે. મેહેન્દ્ર સિંહ ધોનીએ નિવૃતિ લીધા બાદ વિરાટ કોહલી હવે ફુલ ટાઈમ કેપ્ટન તરીકેની ભૂમિકામાં રહેશે. ભારત તરફથી શિખર ધવનની ઓપનિંગમાં ફરી કસોટી થશે કારણ કે તે અપેક્ષા મુજબનો દેખાવ કરી શક્યો નથી. ટોસ પણ ઉપયોગી ભૂમિકા અદા કરી શકે છે. સમગ્ર ટેસ્ટ શ્રેણી જોરદાર રોમાંચક બની છે. કરોડો ચાહકોની આ મેચ પર નજર રહેશે.મેચને લઈને સુરક્ષા પણ મજબુત રાખવામાં આવી છે.



મધર્સ વેક્સ મ્યુઝિયમ ખાતે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના પૂતળા પાસે લોકોએ ફોટોગ્રાફ પડાવ્યા હતાં.

## હોન્ડા કારની કિંમતમાં ૬૦,૦૦૦ સુધીનો વધારો

નવીદિલ્હી,તા. ૫

હોન્ડા કાર ઇન્ડિયાએ આજે તેની કાર કિંમતોમાં ૬૦૦૦૦ રૂપિયા સુધીનો વધારો ઝીંકી દીધો હતો. એક્સાઇઝ ડ્યુટી છુટછાટને દૂર કરવામાં આવ્યા બાદ કિંમતો વધારવામાં આવી છે. ઉત્પાદન ખર્ચમાં સતત વધારો થઇ રહ્યો છે. કંપનીએ એન્ટ્રી લેવલની કાર બ્રિયોની કિંમતમાં ૧૫૦૦૦થી ૧૮૦૦૦ સુધીનો વધારો કર્યો છે. આવી જે રીતે સેડાન એમેઝ કારની કિંમતમાં ૧૯૦૦૦થી ૨૬૦૦૦નો વધારો કરાયો છે. કોમ્પેક્ટ સેડાન પેટ્રોલ કારની કિંમતમાં ૧૯૦૦૦થી ૨૩૦૦૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. જ્યારે ડિઝલ કારની કિંમતમાં ૨૩૦૦૦થી ૨૬૦૦૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. હોન્ડાની ફ્લેગશીપ સેડાનસિટીની કિંમતમાં ૪૮૦૦૦ સુધીનો વધારો કરાયો છે. કંપનીએ પ્રિમિયમ સ્પોટ્ર્સ યુટિલિટીની કિંમતમાં ૬૦૦૦૦ રૂપિયા સુધીનો વધારો કર્યો છે. કંપની મલ્ટીપર્પઝ વાહનની કિંમતમાં પણ વધારો કરનાર છે. સરકારે હાલમાં જ એક્સાઇઝ ડ્યુટી છુટછાટને પરત ખેંચી લીધી છે. આ છુટછાટ અગાઉ લંબાવવામાં આવી હતી. નાની કાર, સ્કૂટર, મોટર સાઇકલ અને કોમર્શિયલ વાહનો પર એક્સાઇઝ ડ્યુટી ૧૨ ટકાથી ઘટાડીને આઠ ટકા કરી હતી. એસયુવી માટે એક્સાઇઝ ડ્યુટી ૩૦ ટકાથી ઘટાડીને ૨૪ ટકા કરી હતી. ડિસેમ્બરમાં મારુતિ સુઝુકી ઇન્ડિયામાં આ મહિનાથી કારની કિંમતોમાં બેથી ચાર ટકાનો ઘટાડો કરવાની જાહેરાત કરી હતી. તાતા મોટર્સે પણ વધારો કરવાની જાહેરાત કરી છે. બીએમડબલ્યુ અને જનરલ મોટર્સ દ્વારા પણ કાર કિંમતોમાં વધારો કરવામાં આવ્યો છે.

### કઇ કારમાં કેટલો વધારો

નવી દિલ્હી,તા. ૫

હોન્ડા કાર ઈન્ડિયાએ કિંમતોમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે. કઈ કારમાં કેટલો વધારો કરાયો છે તેની વિગત નીચે મુજબ છે.

| મોડલ | ભાવ વધારો |
|---|---|
| બ્રિયો | ૧૫૦૦૦-૧૮૦૦૦ |
| સેડાન એમેઝ | ૧૯૦૦૦-૨૬૦૦૦ |
| સેડાન સિટી | ૪૮૦૦૦ |

### હરિયાળું હરણોધાન (પાના નં. ૪ નું ચાલુ)

તો દુનિયામાં નોળીયાની કુલ કેટલી જાતીઓ હશે?

દુનિયાભરમાં નોળીયાની ૩૩ જેટલી જાતિઓ છે. તેના ચામડીના રંગ રૂંવાટી લગભગ સરખી જોવા મળે છે. હાં, વિસ્તાર મુજબ થોડો ઘણો ફેરફાર લાગે ખરો.

નોળીયો માનવજાત માટે કંઇ ઉપયોગી ખરો?

કેમ નહીં અગાઉના સમયમાં નોળીયાના વાળમાંથી ચિત્રકામ માટેનાં બ્રશ બનતાં. જેના કારણે નોળીયાઓનો મોટા પ્રમાણમાં શિકાર થતો. નેપાળમાં અને ભારતમાં આ રીતે નોળીયાના વાળમાંથી બ્રસ બનાવતી કંપનીઓ ચાલતી હતી. પરંતુ હાલમાં ભારતીય વન્યજીવ સંરક્ષણ ધારા હેઠળ આ પ્રાણીને રક્ષણ મળેલું હોવાથી તેના શિકારનું પ્રમાણ ઘટી ગયું છે.

ચાલો હવે નોળીયાની વાતો તો બહુ થઈ અહીં વસતાં બીજા પ્રાણીઓને પણ અન્યાય થયો ન જોઈએ. આપણે એ જોવા જઈશું? ઉપેન્દ્રભાઈ એ ઉભા થતા કહ્યું.

હાં જરૂર ચાલો, અમે ઉભા થઈ પ્રકૃતિ ઉદ્યાનના પ્રાણીઓના પાંજરા તરફ ચાલતા થયા. પણ રસ્તામાં વાતો વધુ તો નોળીયા વિશે જ થતી રહી.

(ક્રમશઃ)




નવી દિલ્હી ખાતે નેશનલ પ્રોગ્રામ ફોર એલઈડી સ્ટ્રીટ લાઈટ અને હોમ લાઈટના ઉદઘાટન પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીના લેફ્ટેનન્ટ ગર્વનર નજીબ જંગ અને ઉર્જા કોલસા મંત્રી પિયુષ ગોયેલ સાથે હાજરી આપી હતી.

### સમાચાર ઝલક

- વડોદરામાં ઈદના જુલુસમાં બે કોમો વચ્ચે અથડામણ.
- મોરબીમાં ટ્રેન નીચે ભેંસ આવી જતાં એન્જિન ફેઈલ થયું. મુસાફરો અટવાયા.
- રિલાયન્સના શ્રી અનિલ અંબાણીને સુરેન્દ્રનગર કોર્ટનું તા. ૨૦મી જાન્યુઆરીએ સમન્સ.
- ભુજની આંગડીયા પેઢીનો કર્મચારી ૨૫ લાખ રૂપિયા લઈ ફરાર.
- સોમનાથ મંદિરમાં દર્શનાર્થીઓ માટે સામુહિક વીમો ટ્રસ્ટે લીધો.
- રાજયમાં તાપમાનમાં સતત ફેરફારથી જનજીવન અસ્તવ્યસ્ત.
- ઈપીએફના ધારક માટે મેગા હાઉસિંગ યોજના બનશે.
- ઝાંસીમાં વીજળી વાયર તૂટતાં ૭ બાળકોનાં મોત.
- એશિયન લોકો બીયર પીવામાં વિશ્વમાં પ્રથમ નંબરે.
- બિયરના કેન પર ગાંધીજીનો ફોટો અને નામ બદલ અમેરિકન કંપનીએ માફી માંગી.
- અમેરિકન ઉદ્યોગપતિએ દોઢ વર્ષના લગ્નજીવન બાદ છુટાછેડા માટે દોઢ અબજનું વળતર ચુકવ્યું.